જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૩/૧૨/૨૦૧૫ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૪૨૭/૧૫</u>

## <u>રીઢા ઘરફોડ ચોરને ચોરીના મુદ્દામાલ સાથે પકડી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ.</u>

અમદાવાદ શહેરમાં છેલ્લા ઘણા સમયથી ઘરફોડ ચોરીના અસંખ્ય બનાવો બનવા પામેલ હોય આવા પ્રકારના વણ શોધાયેલ ગુનાઓનો ભેદ ઉકેલવા સારું શહેર પોલીસ કમિશ્નરશ્રીએ અવાર નવાર સુચનાઓ આપેલ હોય જે સુચના આધારે નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓના સીધા માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમ બ્રાન્ચ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, સાયબર સેલ નાઓની સુચનાથી પો.ઇન્સ.શ્રી કે.આઇ.મોદી સા.ની ટીમના પો.સ.ઇ શ્રી આર.એસ.સુવેરા તથા પો.સ.ઇ શ્રી જે.પી.રોજીયા નાઓ તેમની ટીમના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સ્ટાફના હેડ કોન્સ. નારસિંહ મલુસિંહ તથા હેડ કોન્સ.પ્રતાપસિંહ સુખાજી નાઓને મળેલ ચોક્કસ બાતમી હકિકત આધારે આરોપી મહંમદહુસેન નિયાઝઅહેમદ શેખ ઉ.વ.૩૪ રહે.મ.નં.૨૫, નુરભાઈ ધોબીની ચાલી, આમ્રપાલી સિનેમા રોડ, ગોમતીપુર, અમદાવાદ શહેર નાને ચોરીનો મુદ્દામાલ (૧) સોની બ્રાવીયા કંપનીનું એલ.ઈ.ડી. ટી.વી. કિં.રુ.૩૦,૦૦૦/- (૨) સોની કંપનીનો ડીજીટલ કેમેરો કિં.રુ.૧૨,૦૦૦/- (૩) રાડો ઘડિયાળ કિં.ર.૫૦૦૦/- (૪) નિકોન કંપનીનો કેમેરો કિં.રુ.૨૫૦૦/-(૫) ચાર સ્પિકર તથા વુફર કિં.રુ.૭૦૦૦/-(૬) સ્પોટ લાઈટો નંગ-૬ કિં.રુ.૯૦૦/-(૭) પુજાનાં વાસણો જેમાં થાળી, વાટકી, ચમચી, ગ્લાસ કિં.રુ.૬૨૭૩/-મળી કુલ કિં.રુ.૬૩,૬૭૩/-તથા ઓટોરિક્ષા નંબર જી.જે.૧સી.વાય.૯૫૩૧ કિં.રુ.૫૫,૦૦૦/-મળી કુલ કિં.રુ.૧,૧૮,૬૭૩/-ના મુદ્દામાલ સાથે પકડી પાડેલ છે.

પકડાયેલ આરોપીની સઘન પુછપરછ કરતાં તે પોતાની માલિકીની ઓટોરિક્ષા નંબર જી.જે.૦૧ સી.વાય.૯૫૩૧ ની શટલમાં ચલાવતો હોય તેના અન્ય સાગરિતો સાથે મળી રાત્રિના સમયે ગમે તે જગ્યાએ રિક્ષા ઉભી રાખી કોઈ પણ ફ્લેટ કે સોસાયટીના મકાનનો નકુચો કોઈ સાધન વડે ખોલી મકાનમાં ચોરી કરવા ઘુસી જતા હતા અને જે કોઈ માલ મત્તા મળે તે લઈ લેતા અને રિક્ષામાં બેસી નાસી જતા હતા. પકડાયેલ આરોપીએ તેના સાગરિતો સાથે મળી આજથી દોઢ બે માસ અગાઉ રાતત્રિના સમયે વેજલપુર વિસ્તારમાં તેમજ મણિનગર વિસ્તારમાથી ઘરફોડ ચોરીઓને અંજામ આપેલ છે. જે બાબતે વેજલપુર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૫૦/૧૫ ઈ.પી.કો. કલમ ૪૫૪,૩૮૦ તથા મણિનગર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૮૭/૧૫ ઈ.પી.કો.કલમ ૪૫૪, ૪૫૭,૩૮૦ મુજબના ગુનાઓ દાખલ થયેલ હોય આ બંને ઘરફોડ ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલાયેલ છે. પકડાયેલ આરોપીએ તેના સાગરિતો સાથે મળી આ સિવાય પણ બીજી ચોરીઓ કરેલ છે કે કેમ તેમજ અન્ય બીજા કોણ કોણ આરોપીઓ સંડોવાયેલ છે તે દિશામાં તપાસ ચાલુ હોય આવા પ્રકારના બીજા પણ ઘરફોડ ચોરી તથા અન્ય ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલાય તેવી શક્યતા રહેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)